




પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (33) અંક નં. ૧૬૫ | ૨૪ ઓગસ્ટ, ૨૦૧૮, શુક્રવાર; શ્રાવણ સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## પ્રભાતના પગરવ...

### સત્‌કર્મનો સેવાયજ્ઞ

ગાંધીનગરમાં સેવાપ્રવૃત્તિના શ્રીગણેશ કરનાર અને સતત ૪૦ વર્ષથી અવિરત સેવાયજ્ઞ ચલાવનાર સત્‌કર્મ ટ્રસ્ટની વાત આજે માંડવી છે. સેક્ટર-૨૨ના રંગમંચના કોર્નરથી ચાલતી સત્‌કર્મની પ્રવૃત્તિની સેવાસુવાસ આજે પણ અકબંધ છે. દર દરવિવારે અહીં દરિદ્રનારાયણનો અન્નકુટ ભરાય. પીડિતો અને વંચિતોની શિસ્તબદ્ધ લાઈનમાં નાસ્તો પીરસાય જેમાં એક સ્વીટ હોય. એક ફરસાણ હોય, બિસ્કીટ કે બેકરીની આઈટમ હોય ઉપરાંત મોસમના ફળ-ફળાદિનું વિતરણ થાય. આ ઉપરાંત જે મહિલાઓ હોય તેમને ૧ કિલો લોટનું પેકેટ આપવામાં આવે જેથી તેમના પરિવારમાં પુરક બની શકાય. સૌ જરૂરિયાતમંદો હસતા હસતા શિસ્તબદ્ધ રીતે સ્વીકાર કરીને આશિર્વાદ આપતા આપતા વિદાય લે તે દૃશ્ય નગરની સેવાપ્રવૃત્તિનું જાજરમાન દૃશ્ય છે.

આજથી ૪૦ વર્ષ પૂર્વે સેવાના ભેખધારી સ્વ. અમૃતભાઈ સોઢાના મનમાં સંવેદનશીલ વિચારે સળવળાટ કર્યો કે આપણા ગાંધીનગરમાં વસતાં જરૂરિયાતમંદ પરિનવારોને અઠવાડિયામાં એક દિવસ સુખડી પીરસીએ તો કેવું ?! તત્કાલીન મિત્રોએ ઉમળકાભેર પ્રતિભાવ આપતાં સત્કર્મ પ્રવૃત્તિના મંડાણ થયા. સચિવાલયમાં ટેબલે-ટેબલે જઈ ૧૦ રૂપિયા, ૨૦ રૂપિયા, ૫૦ રૂપિયા દર મહિને નિયમિત એકત્ર કરવા અને એકત્રિત ફંડમાંથી દર રવિવારે સવારે ૮.૩૦ વાગે સેવાવસ્તીના પરિવારોને સુખડી ને ગાંઠીયાનો નાસ્તો આપવાની શરૂઆત થઈ. આ સેવાના લાભાર્થીઓની સંખ્યા પણ ૬૦૦-૭૦૦ ઉપર પહોંચતી થઈ. અઢી-ત્રણ દાયકા બાદ અમૃતભાઈ સોઢાના નિધન બાદ પણ આ પ્રવૃત્તિ અવિરત ચાલતી રહી, કાળક્રમે સુખડી-ગાંઠીયામાંથી આજના સમયાનુસાર સ્વીટ-ફરસાણ-બિસ્કીટ તથા ફળફળાદીનું વિતરણ આજે પણ રવિવારની સવારે કરાય છે.

સત્‌કર્મ ટ્રસ્ટ પરિવાર આજે પણ ક્યાંય પ્રસિદ્ધિ કે પ્રચારમાં હિચકિચાટ અનુભવે છે. કોઈના નામ નહીં છાપવાની શરતે વિગતો આપતા એક અગ્રણી ટ્રસ્ટીએ જણાવ્યું હતું કે જો આપણે પ્રચાર-પ્રસારમાં ફસાઈશુ તો પ્રવૃત્તિ ગૌણ બની જશે. અમારા માટે સેવા-પ્રવૃત્તિ એ જ લક્ષ્ય છે એજ પરમ તત્વ છે. અમે જરૂરીયાતમંદોને આપત્તિના સમયે પડખે ઉભા રહીએ છીએ પણ એ અમારી ફરજ છે. સેવાપ્રવૃત્તિનો આ જ મહિમા છે. કોઈપણ જાતના દંભ-દેખાડા વગર એક-બે વર્ષ નહીં પણ ૪૦ વરસ દર રવિવારે ચાલતો આ સેવાયજ્ઞ નગરની સેવાપ્રવૃત્તિનો માણેકથંભ છે. આ સેવાપ્રવૃત્તિના સંવાહકોને તો સલામ કરીએ એટલી ઓછી છે, પરંતુ આ પ્રવૃત્તિનું આ સેવાની જ્યોતને જલતી રાખવામાં અવિરત દાનરૂપી તેલ પુરનાર સૌ દાતાઓને આદરપૂર્વક વંદન છે.

# સાયબર ક્રાઈમ મોટો પડકાર બન્યો : મોદી



## ગાંધીનગરમાં જીએફએસયુમાં સંબોધન કર્યુ : ફોરેન્સિક સાયન્સ, પોલીસ, ન્યાયતંત્ર ક્રિમિનલ જસ્ટિસ ડિલિવરી સિસ્ટમના અંગ બની ગયા છે : વડાપ્રધાન મોદી

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાતની એક દિવસની યાત્રાએ આવેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના ત્રીજા અને અંતિમ કાર્યક્રમના ભાગરુપે જુનાગઢથી ગાંધીનગર પહોંચ્યા હતા. ગાંધીનગર હેલીપેડ ખાતે ઉતરીને કાર્યક્રમમાં હાજરી આપવા પહોંચ્યા હતા. ગાંધીનગર ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીના કોન્વોકેશન કાર્યક્રમમાં હાજરી આપતા મોદીએ પદવીદાન સમારોહમાં ઉપસ્થિત રહેલા વિદ્યાર્થીઓને સંબોધન પણ કર્યું હતું. ચોથા પદવીદાન સમારોહને સંબોધતા મોદીએ કહ્યું હતું કે, સાયબર ક્રાઈમ આજે ભારત માટે જ નહીં બલ્કે સમગ્ર વિશ્વમાં મોટા પડકાર તરીકે છે. સાયબર ક્રાઈમને રોકવાની બાબત ખુબ જ મુશ્કેલરુપ બની ગઈ છે. નવી ટેકનોલોજી કુશળ નિષ્ણાતો વિકસાવે તે સમય છે. તેમણે ઉમેર્યું હતુ કે, ગાંધીનગર ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી જીએફએસયુ વિશ્વમાં પોતાનું ખાસ સ્થાન ધરાવે છે. તેનું ખાસ મહત્વ રહેલું છે. અહીં ૬૦૦૦થી પણ વધારે અધિકારીઓને વિશેષ ટ્રેનિંગ આપવામાં આવી છે. ટ્રેનિંગ લઈને પોલીસ અધિકારીઓ સેવામાં તેનો ઉપયોગ કરી રહ્યા છે. ડિજિટલ ક્ષેત્રે થયેલા વિકાસની વાત કરતા મોદીએ કહ્યું હતુ કે, ડિજિટલ ક્ષેત્રનું યોગદાન દિનપ્રતિદિન વધી રહ્યું છે. પોતાના સ્વપ્નને પરિપૂર્ણ કરવા આત્મવિશ્વાસ અતિજરૂરી હોવાની વાત કરી હતી. સાથે સાથે પોતાનામાં વિશ્વાસ રાખવાની પણ વાત કરી

● અનુસંધાન પાન-૭ પર

# લોકસભા-વિધાનસભાની ચૂંટણી સાથે યોજવાની કોઈ શક્યતા નથી

## લીગલ ફ્રેમવર્ક વગર એક સાથે ચૂંટણી યોજવી શક્ય નથી : આ વર્ષે મધ્યપ્રદેશ, છત્તીસગઢ, રાજસ્થાન, મિઝોરમમાં વિધાનસભાની ચૂંટણી યોજવાની તૈયારી

નવીદિલ્હી, તા. ૨૩

વન નેશન વન ઈલેક્શન એટલે કે એક દેશ એક ચૂંટણીના ભાજપના પ્રયાસોને મોટો ફટકો પડ્યો છે. મુખ્ય ચૂંટણી કમિશનર ઓપી રાવતે લીગલ ફ્રેમવર્ક વગર એક સાથે ચૂંટણી યોજવાની અટકળોનો અંત આણી દીધો છે. રાવતે કહ્યું છે કે, આ પ્રકારની કોઈ શક્યતા દેખાતી નથી. ઔરંગાબાદમાં એક કાર્યક્રમમાં તેમણે કહ્યું હતું કે, લોકસભા અને વિધાનસભાની ચૂંટણી એક સાથે યોજવાની શક્યતા છે કે કેમ તે અંગે પૂછવામાં આવતા કહ્યું હતું કે, હાલમાં કોઈ તક નથી. લોકસભા ચૂંટણી આગામી વર્ષે એપ્રિલ અને મે મહિનામાં યોજાનાર છે. આ વર્ષે મધ્યપ્રદેશ, છત્તીસગઢ, રાજસ્થાન અને મિઝોરમમાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. થોડાક દિવસ પહેલા જ ભાજપે દેશભરમાં એક સાથે ચૂંટણી યોજવાની ચર્ચા છેડી હતી. લોકસભાની ચૂંટણીને વિધાનસભાની ચૂંટણીની સાથે યોજવામાં આવશે કે કેમ તેની ચર્ચા છેડાઈ હતી. ભાજપે હાલમાં જ કહ્યું હતું કે, એક દેશ એક ચૂંટણી માટેનો પ્રસ્તાવ લાંબાગાળાની યોજના છે. પાર્ટી આને તરત લાગૂ કરવા માટે દબાણ લાવી રહી નથી. અત્રે ઉલ્લેખનીય છે કે, ભાજપ અધ્યક્ષ અમિત શાહે આ મુદ્દા ઉપર ચૂંટણી પંચને પત્ર લખવામાં આવ્યા બાદ ફરી એકવાર આને લઈને ચર્ચ છેડાઈ ગઈ હતી. આ મુદ્દા પર મુખ્ય ચૂંટણી કમિશનર (સીઈસી) ઓપી રાવત દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, વર્તમાન સ્થિતિમાં સમગ્ર દેશમાં એક સાથે ચૂંટણી યોજવાની બાબત

● અનુસંધાન પાન-૭ પર






## :: પ્રાર્થના સભા ::



આપના સૌના લોક લાડીલા, ભારત રત્ન, કવિ હૃદય,
પૂર્વ વડાપ્રધાન, પૂર્વ સાંસદ (ગાંધીનગર લોકસભા)
પરમ શ્રદ્ધેય **શ્રી અટલ બિહારી બાજપેયીજી** ના
નિધન પર ગાંધીનગર નગરજનોના સંયુક્ત ઉપક્રમે
સાર્વજનિક સર્વદલીય પ્રાર્થના સભાનું
આયોજન કરેલ છે.

તારીખ : ૨૪મી ઓગષ્ટ, ૨૦૧૮
સમય : સાંજે ૫-૦૦ થી ૭-૦૦ કલાકે
સ્થળ : ઉમા હોલ, ઉમિયા માતા સંસ્થાન, સેક્ટર-૧૨, ગાંધીનગર

:: વિનમ્ર ::
વેદાંત શાસ્ત્રીજી શ્રી ફુલશંકર મહારાજ

# અરૂણ જેટલીએ ચાર્જ સંભાળ્યો

નવી દિલ્હી,તા. ૨૩

કિડનીની સર્જરીના કારણે છેલ્લા ત્રણ મહિનાથી કામકાજથી દુર રહેલા ભાજપના વરિષ્ઠ નેતા અરૂણ જેટલીએ આજે નાણાં પ્રધાન તરીકેની જવાબદારી ફરી સંભાળી લીધી હતી. તેમની ગેરહાજરીમાં આ જવાબદારી પિયુશ ગોયલ સંભાળી રહ્યા હતા. એક સત્તાવાર નિવેદન જારી કરીને કહેવામાં આવ્યુ છે કે વડાપ્રધાનની સલાહ પર ભારતના રાષ્ટ્રપતિ રામનાથ કોવિન્દે નાણાં મંત્રાલય

● અનુસંધાન પાન-૭ પર

















